## ધનસુરામાં 'વિપુલ ચૌધરીને મુક્ત કરો'ની માંગ સાથે અર્બુદા સેના દ્વારા મામલતદારને આવેદનપત્ર અપાયું



અરવલ્લી જિલ્લાના ધનસુરા માં વિપુલ ચૌધરી ને મુક્ત કરો ની માંગ સાથે અર્બુદા સેના દ્વારા ધનસુરા મામલતદાર ને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. જેમાં અર્બુદા સેનાના કાર્યકર્તાઓ અને આંજણા ચૌધરી પટેલ સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત રાજ્યના પૂર્વ ગૃહમંત્રી,દૂધસાગર ડેરીના પૂર્વ ચેરમેન, જી.સી.એમ.એમ.એફ ના પૂર્વ ચેરમેન અને અર્બુદા સેનાના અધ્યક્ષ વિપુલભાઈ ચૌધરી ની ધરપકડ કરવા બાબતે અર્બુદા સેનાના કાર્યકર્તાઓ અને આંજણા ચૌધરી પટેલ સમાજના આગેવાનો દ્વારા વિપુલ ચૌધરીને મુક્ત કરોની માગ સાથે ધનસુરા મામલતદાર કચેરી ખાતે મામલતદાર ને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.વિપુલભાઈ ચૌધરી ની ધરપકડ કરવામાં આવી છે તેને અર્બુદા સેના દ્વારા સખત શબ્દો માં વખોડી કાઢવામાં આવી હતી.છેલ્લા એકાદ વર્ષથી અર્બુદા સેના દ્વારા સામાજિક અને રચનાત્મક પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.સાથે ૧૫ ઓગષ્ટ ના દિવસે વિવિધ જગ્યાએ હર ઘર તિરંગા યાત્રા અંતર્ગત તિરંગા યાત્રા, બ્લડ ડોનેશન કેમ્પ અને વૃક્ષારોપણ જેવા કાર્યક્રમો તેમની પ્રેરણા અને માર્ગદર્શન માં કરવામાં આવ્યા હતા.આ ઉપરાંત આગામી સમયમાં પણ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે.અર્બુદા સેના ના કાર્યકર્તાઓએ ચીમકી ઉચ્ચારી હતી કે જો વિપુલભાઈ ચૌધરીને મુક્ત કરવામાં નહીં આવે તો આગામી સમય માં આંજણા ચૌધરી પટેલ સમાજ ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરશે.

## બનાસકાંઠામાં લંપીગ્રસ્ત ગાયોને સારવાર આપવા કેમ્પ શરૂ કરવા માંગ

અસરગ્રસ્ત ગાયોને યોગ્ય સારવાર આપી લંપીનો ફેલાતો રોકવા માંગ કરાઈ. બનાસકાંઠા જિલ્લા માં ભરડો લેનાર લંપી વાઈરસને લઈ અસંખ્ય પશુઓના મોત થયા છે અને અનેક ગાયો લંપી માં સપડાય હોઈ લંપીનો કાબુમાં લેવા માટે પશુપાલન વિભાગ દ્વારા ગામેગામ લંપી ગ્રસ્ત ગાયો ની સારવાર કરવામાં માટે કેમ્પ શરૂ કરવામાં આવે તે માટે પશુપાલન વિભાગ અને મુખ્યમંત્રીને લેખિત રજુઆત કરવામાં આવી છે આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે બનાસકાંઠા જિલ્લા માં દોઢ માસના ટૂંકા ગાળામાં ૯૫૦ જેટલા ગામોમાં લંપીના ૩૬ હજાર જેટલા કેસ નોંધાયા છે અને ૮૦૦ જેટલા પશુના મોત થયા હોય તેમજ પાલનપુર ગઢ પંથક માં રોજે રોજ પાંચ સાત ગાયોના મોત થતા હોય પશુ પાલકોની આર્થિક કમર તૂટી જવાની સાથે પશુ પાલકો બેરોજગાર બની રહ્યા હોય લંપીને ફેલાતો અટકવવા અને બીમાર ગાયો ને સારવાર મળી રહે માટે પશુ પાલન વિભાગ દ્વારા લંપી થી અસરગ્રસ્ત ગાયોને તાત્કાલિક સારવાર આપવા માટે ગામે ગામ નિદાન અને સારવાર કેમ્પ શરૂ કરવામાં આવે તે માટે મડાણા (ગઢ) ના ભાજપના અગ્રણી રમેશભાઈ જી.દેસાઈ દ્વારા જિલ્લા પશુપાલન વિભાગ અને મુખ્યમંત્રીને લેખિત રજુઆત કરવામાં આવી છે

## સરડોઈ પંથકમાં પ્રધાનમંત્રીનો જન્મદિવસ ઉજવાયો



મોડાસા તાલુકાના સરડોઈ પંથકમાં દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મોડાસા તાલુકા ભાજપ સંગઠન દ્વારા સરડોઈ હોમગાર્ડ યુનિટ ખાતે ૭૨ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. જયારે મેઢાસણ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં દર્દીઓને ફળ વિતરણનો કાર્યક્રમ યોજી જન્મ દિવસની ઊજવણી કરવામાં આવી હતી. વૃક્ષારોપણ તેમજ ફળ વિતરણ કાર્યક્રમમાં મોડાસા મંડળ પ્રમુખ, તાલુકા પંચાયત પ્રમુખ, જિલ્લા સંગઠન ઉપપ્રમુખ યશપાલસિંહ પુંવાર, જિલ્લા સંગઠન મંત્રી કમળાબેન પરમાર, તાલુકા પંચાયત ઉપપ્રમુખ, તાલુકા ભાજપ ઉપપ્રમુખ ચિરાગગીરી ગોસ્વામી, સજાપુર ગ્રામ પંચાયત સરપંચ સહિત ભાજપના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## કાણોદર હાઈવે પર આખલાની અડફેટે એક્ટિવા સવાર કાકા- ભત્રીજાને ઈજા




સરહદી બનાસકાંઠા જિલ્લા મુખ્યાલય પાલનપુરથી એક્ટિવા લઈને પોતાના ઘર તરફ આવી રહેલા કાકા -ભત્રીજાને કાણોદર હાઈવે નજીક દોડતા આવી રહેલા આખલાએ અડફેટે લેતા બંનેને ઈજા પહોંચી હતી. જે સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી. કાણોદર ગામના અશોકભાઈ ભેમાભાઈ વાઘેલા (દરજી) અને તેમનો ભત્રીજો તનિષભાઈ વાઘેલા પાલનપુરથી પોતાના ઘરે કાણોદર મુકામે આવી રહ્યા હતા.દરમિયાન રાત્રિના સમયે કાણોદર હાઈવે ઉપર આખલાએ એક્ટિવા સવાર બંને કાકા ભત્રીજાને અડફેટે લેતા બન્ને નીચે પડી જતા સદનસીબે બંને જણને સામાન્ય ઈજાઓ પહોંચી હતી. જોકે પાછળથી આવી રહેલ ઈકો ચાલકે સમય સૂચકતા દાખવી બ્રેક લગાવી લેતા બંનેનો આબાદ બચાવ થયો હતો જે સમગ્ર ઘટના સીસીટીવી કેમરામાં કેદ થવા પામી હતી. આમ, રખડતા ઢોરની સમસ્યાને લઈને અવાર નવાર થતા અકસ્માતો વચ્ચે પણ તંત્ર સુધરવાનું નામ લેતું નથી. જેને પગલે લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

# જિલ્લામાં પાછોતરા વરસાદથી મગફળીને ફાયદો પણ કપાસના પાકને નુક્સાનની ચિંતા

### ખેડૂતોમાં ખુશી સાથે ચિંતાનો માહોલ

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૫ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ૪ દિવસથી ફરીથી ચોમાસુ સક્રીય થયું હોય તેવો માહોલ છે. મોટભાગના વિસ્તારોમાં પાછોતરા વરસાદની હાજરી નોંધાઈ રહી છે ત્યારે મગફળીના પાકને ફાયદો થવાની સંભાવના છે પરંતુ કપાસના પાક માટે હવેનો વરસાદ નુક્સાનરુપ સાબિત થઈ શકે છે. જિલ્લામાં ૧,૨૭, ૮૦૯ હેક્ટર મગફળીના વાવેતર માટે વરસતો વરસાદ કાચા સોનારૂપ માનવામાં આવે છે પરંતુ ૭૭, ૧૩૭ હેક્ટર જમીનમાં કપાસના પાકમાં ફાલને નુક્સાન થવાની ચિંતા ખેડૂતોએ વ્યક્ત કરી છે.

જિલ્લામાં ભાદરવા માસના આરંભ સાથે વરસાદની ફરીથી ધબડાટી શરુ થઈ છે. કેટલાક વિસ્તારોમાં વીજળીના કડાકા અને ભડાકા સાથે વરસાદ નોંધાઈ રહ્યો છે. જો કે પાછોતરા વરસાદથી એકંદરે ખરીફ વાવેતરને ફાયદો થઈ શકે છે. જેમાં મગફળીના પાકને વધુ ફાયદો થવાની સંભાવના ખેડૂતો વ્યક્ત કરી રહ્યા છે પરંતુ કપાસનું વાવેતર કરનારા ખેડૂતોને વરસાદે ચિંતા વધારી છે. કારણ કે આગોતરા કપાસના ફાલને વરસાદના લીધે નુક્સાન જવાની સંભાવના છે. જિલ્લામાં આ વખતે સારા ઉત્પાદનની આશા સાથે સાબરકાંઠામાં કપાસનું ૪૮, ૮૨ અને અરવલ્લી જિલ્લામાં ૨૮, ૨૭૫ હેક્ટર વાવેતર થયું છે. પરંતુ જે રીતે ફરીથી ચોમાસુ સક્રીય થયું છે તે જોતાં કપાસના પાકને હવે ફાયદા કરતાં નુક્સાન જવાની સંભાવના વધી છે. તો બીજી તરફ સાબરકાંઠામાં આ વખતે મગફળીનું ૭૨,૮૬૬ અને અરવલ્લી જિલ્લામાં ૫૪,૮૪૩ હેક્ટર જમીનમાં વાવેતર થયેલું છે તેને વર્તમાન વરસાદથી ફાયદો થવાની સંભાવના છે. જેથી હવે ભાદરવા માસમાં વરસતા વરસાદના કારણે જિલ્લાના ખેડૂતોમાં ક્યાંક ખુશી તો ક્યાંક ચિંતાનો માહોલ ઉભો થયો છે. જિલ્લામાં વરસાદની હાજરીથી મગફળીના પાકમાં મૂંડાનો રોગ દૂર થવાની શક્યતા રહેલી છે પરંતુ કપાસના પાકમાં હાલ ખરી જવાની સંભાવના વધી છે.

## સાબરડેરી-હિંમતનગર સંલગ્ન ડેરી દ્વારા પ્રધાનમંત્રીના જન્મદિવસની ઉજવણી પ્રસંગે વૃક્ષારોપણ

બાયડ (બ્યુરો ઓફિસ) તા. ૧૮

હિંમતનગરની સાબરેડરી સંલગ્ન દૂધ ઉત્પાદન સહકારી મંડળીઓમાં દેશનાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસની ઉજવણી પ્રસંગે વૃક્ષારોપણ કાર્યક્રમો આયોજીત કરવામાં આવ્યા હતા. જેમાં મોડાસા તાલુકાની મુન્શીવાડા, મેઘરજ તાલુકાની લાલાકુપા દૂધ મંડળીમાં સંઘના ડિરેકટર જેઠાભાઈ પટેલ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું. જયારે મોડાસાની રાજપુર દૂધ મંડળીમાં ડિરેકટર ભીખુસિંહ પરમાર, ભિલોડાની ધોલવાની દૂધ મંડળી ખાતે ડિરેકટર જેસીંગભાઈ પટેલ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે શામળાજી શીત કેન્દ્રના એમ.પી. ઓ તેમજ મંડળીના ચેરમેન - સેક્રેટરી તેમજ કારોબારી સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.



### પાયલોટ પ્રોજેક્ટઃ વર્લ્ડ બેંકની સહાયથી બ.કાં.ની આરોગ્ય સેવાઓ વધશે

# 'શ્રેષ્ઠ ગુજરાત' પ્રોજેક્ટ હેઠળ વર્લ્ડ બેંકની ટીમે બનાસકાંઠાની મુલાકાત લઈ પ્રોજેકટ અંગે સ્થાનિક અધિકારીઓને માહિતગાર કર્યા

### ૫ વર્ષના પ્રોજેક્ટ માટે વર્લ્ડ બેક્ર દ્વારા ૩૯૯૨ કરોડની લોન આપશે

પાલનપુર તા. ૧૮ ગુજરાતની આરોગ્ય સેવાઓ સુધારવા વર્લ્ડ બૅંક માતબર રકમ શ્રેષ્ઠ (સિસ્ટમ્સ રિફોર્મ એન્ડેવર ફોર ટ્રાન્સફોર્મડ હેલ્થ અચીવમેન્ટ્સ ઈન ગુજરાત) ગુજરાત પ્રોજેકટ માટે સહાય આપશે. વર્લ્ડ બૅંકના પ્રતિનિધિઓ શુક્રવારે પાલનપુરની મુલાકાતે હતા. પ્રતિનિધિઓએ આરોગ્યના સ્થાનિક અધિકારીઓ સાથે સમગ્રપ્રોજેક્ટ અંગે વાતચીત કરી હતી. દિવ્યભાસ્કર સાથેની વાતચીત દરમિયાન સમગ્ર પ્રોજેક્ટ અંગે રૂપરેખા આપી હતી અને જણાવ્યું હતું કે 'વર્લ્ડ બેંક સંયુક્ત રાષ્ટ્રની એક અહમ સંસ્થા છે. જે વિશ્વના જુદા જુદા દેશોમાં પૂનઃ નિર્માણ તથા વિકાસનાં કાર્યોમાં આર્થિક અને ટેક્નિકલ સહાય પ્રદાન કરે છે. વર્લ્ડ બૅંકની સહાયથી ગુજરાતના ત્રણ જિલ્લા અને એક મહાનગરપાલિકા મળી ૪ ક્ષેત્રોમાં શ્રેષ્ઠ ગુજરાત પ્રોજેક્ટ પાછળ ૫ વર્ષમાં કુલ આશરે ૫૦૦ અબજ ડોલર એટલે કે ૩૯૯૨ કરોડ ખર્ચ થશે. જેમાં વર્લ્ડ બૅંક દ્વારા ૩૫૦ અબજ ડોલર એટલે કે આશરે ૨૭૯૫ કરોડની સહાય અને ગુજરાતનું પાંચ વર્ષ નું યોગદાન આશરે રુપિયા ૧૧૯૮ કરોડનું રહેશે. વર્લ્ડ બૅંક દ્વારા હાલમાં તામિલનાડું, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, નાગાલૈંડ, મેઘાલય,આંધ્રપ્રદેશ અને મિઝોરમમાં આરોગ્યસેવાઓને સુદ્રઢ બનાવવાની કામગીરી માટે પાંચવર્ષ માટેના કોન્ટ્રાકટ કરવામાં આવેલા છે. ઉપરાંત કર્નાટક, રાજસ્થાન અને પંજાબમાં પણ પ્રોજેકટ હાથ ધરાયેલ છે.



આ શ્રેષ્ઠ ગુજરાત પ્રોજેક્ટ અંતર્ગત કોમ્પ્રીહેન્સીવ પ્રાઈમરી હેલ્થ કેર, કિશોરી કન્યા સ્વાસ્થ્ય સેવાઓ અને ડિસીઝ સર્વેલન્સની ગુણવત્તા, સમાનતા અને ગવર્નન્સમાં સુધારો લાવવો છે. આ પ્રોજેકટના માધ્યમથી આરોગ્ય સેવાઓ મળી રહેશે, બાળ મૃત્યુ, માતા મૃત્યુ, કુપોષણ, ડાયાબીટીસ, બીપી, હૃદય રોગ જેવી જાહેર આરોગ્યની સમસ્યા તેમજ મહામારી સામે લડવાની ક્ષમતા વધશે, જેથી લોકોની સુખાકારી વધશે.

**કોણે કોણે મુલાકાત લીધી**

- **ડો. સનમ દિવાન (સિનિયર હેલ્થ સ્પેશિયાલિસ્ટ વર્લ્ડ બેંક,)**
- **ડો. માઈકલ પીટર (હેલ્થ સ્પેશિયાલિસ્ટ વર્લ્ડ બેંક,)**
- **ડો. કિરણ. (સ્ટેટ કન્સલ્ટન્ટ વર્લ્ડ બેંક.)**
- **ડો શાલુ ચૌધરી. (સ્ટેટ કન્સલ્ટન્ટ હેલ્થ પોલિસી પ્લાનિંગ.)**

## સમાજના આગેવાન વિપુલભાઈ ચૌધરીને મુક્ત કરવા બાબતે થરાદ અર્બુદા સેના દ્વારા આવેદનપત્ર અપાયું

પાલનપુર તા.૧૮ થરાદમાં વિશ્રામગૃહ ખાતે યોજાયેલી ધારાસભ્ય સહિત કૉંગ્રેસના અગ્રણીઓની બેઠકમાં ચૌધરી/પટેલ સમાજના અગ્રણીઓ દ્વારા અર્બુદા સેનાના અધ્યક્ષ વિપુલભાઈ ચૌધરીની ધરપકડ ભાજપ સરકારની નિતીઓ પર આકરા પ્રહારો કરી સખત શબ્દોમાં વિખોડી કાઢવામાં આવી હતી. ત્યાંથી બેનર અને સુત્રોચ્ચાર સાથેની રેલી સ્વરૂપે નાયબકલેક્ટરની કચેરીમાં શિરસ્તેદાર વસંતભાઈ પટેલને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. તેમજ વિપુલભાઈને જો તાત્કાલિક મુક્ત કરવામાં નહીં આવે અને અમારા આગેવાનની ધરપકડ કરીને અમારા સમાજનું સ્વમાન ભંગ કરવામાં આવશે તો આવનાર સમયમાં ગાંધી ચિંધ્યામાર્ગે ઉગ્ર આંદોલન કરવાની ફરજ પડશે તેની નોંધ લેવાની ચિમકી પણ આપવામાં આવી હતી. કાંકરેજ તાલુકા ની અર્બુદા સેના દ્વારા પૂર્વ સાગરદૂધ ડેરી ના પૂર્વ ચેરમેન ની ન્યાયિક તપાસ કરી મુક્ત કરવા ની માંગણી સાથે કાંકરેજ મામલતદાર ને આવેદન પત્ર આપ્યું

# પાલનપુરમા માનવતાની શ્રમિકો માટે દીવાલ વિશ્રામ સ્થાન બની




પાલનપુર તા.૧૮ ગરીબો માટે કપડા પુરા પાડતા કેબિન માં લોકો વિરામ કરતા થયા. પાલનપુરમાં લોકોના બિન જરૂરી કપડા ગરીબો સુધી પહોંચે તેવા ઉમદા આશય થી ગુરુકૃપા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા જોરાવર પેલેસ આગળ માનવતાની દીવાલ ઉભી કરવામાં આવી છે જ્યાં લોકો ગરીબો માટે કપડા સહીતની ચીજવસ્તુઓ મૂકી જાય છે અને ગરીબ પરિવારો અહીં થઈ જરૂરીયાત મુજબ ના કપડા લઈ જાય છે જોકે આ માનવતાની દિવાલ ના કેબિનમાં શ્રમિકો વિશ્રામ કરતા જોવા મળે છે ત્યારે ગરીબો માટે આશીર્વાદ રૂપ માનવતાની દીવાલ આવનારા સમયમાં પાન નો ગલ્લો કે ચા ની કીટલી ન બની જાય તે માટે તકેદારી રાખવા આવે તે પણ જરૂરી છે

## ડીસાના લોધાવાસમાં ખુલ્લી ગટરથી રોગચાળાને આમંત્રણ

ડીસા, તા. ૧૮

હાલમાં ભાદરવો આકરો તપતા ડીસાવાસીઓ એક સાથે ત્રણેય ઋતુનો અહેસાસ કરી રહ્યા છે. જેના પગલે બીમારીઓનો ઉપદ્રવ વધી પડતા સરકારી અને ખાનગી દવાખાના દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે ત્યારે ડીસાના વોર્ડ નં.૯ માં આવેલ લોધાવાસમાં ખુલ્લી ગટરના કારણે રોગચાળાને ખુલ્લા આમંત્રણનો ઘાટ ઘડાયો છે.આ બાબતે રહીશો દ્વારા નગરપાલિકામાં અવારનવાર રજૂઆતો કરવા છતાં તેમની વ્યાજબી રજુઆત કોઈ સાંભળતું નથી.ઉભરાતી ગટરના કારણે પારાવાર ગંદકી ફેલાઈ છે અને માખી મચ્છરોનો ઉપદ્રવ પણ વધી પડ્યો છે. જેથી વોર્ડમાં ગંભીર રોગચાળાનો ખતરો મંડરાતા રહીશોમાં રોષની લાગણી છવાઈ છે. પાલિકા સત્તાધીશો આ બાબતને ગંભીરતાથી લઈ સત્વરે ઘટતા પગલાં ભરે તેવો જનમત પ્રવર્તે છે.

## ધરોઈ ડેમના પાણીથી દાંતાનું ઉમેદપુરા સંપર્કવિહોણું બનતા લોકોએ પહાડ તોડી જાતે રસ્તો બનાવ્યો



પાલનપુર, તા. ૧૮

આ વર્ષે શ્રીકાર વરસાદ થતાં ધરોઈ ડેમનું પાણી દાંતા તાલુકાના ઉમેદપુરા જોરાપુરા સુધી પહોંચી ગયું છે. પાણી ભરાઈ જતાં દાંતાનું ઉમેદપુરા ગામ ૫ વર્ષ બાદ ફરી સંપર્ક વિહોણું બન્યું હતું. જોકે આ વખતે ઉમેદપુરા ગામના યુવાનોએ પરિવાર દીઠ ફાળો ઉઘરાવી કોઈપણ સરકારી સહાય વિના તાત્કાલિક જેસીબી લગાવી પહાડ તોડીને બાઈક ચલાવીને અવરજવર કરી શકાય તેવો રસ્તો બનાવ્યો છે. ગામમાં ૧૦ બાઈક છે જેની પર અત્યંત જોખમ લઈને બાઈક પર રહીશો અવરજવર કરી રહ્યા છે. જે પરિવારો પાસે વાહન નથી તેઓ ચાલતા જ માથે વજન મૂકી અહીંનો ડુંગર પસાર કરે છે. જોકે ૧૦ યુવાનો બાઈક પર જ નજીકમાં આવેલા જોરાપૂરા દૂધ મંડળીમાં ગામ લોકોનું ૧૫૦ લીટર દૂધ ભરાવવા જાય છે. અહીંના બાળકો માટે સ્કૂલ નથી. પરંતુ એક નાનકડા હોલમાં બાળકોને માત્ર એક શિક્ષક ભણાવવા આવે છે." ઉમેદપુરા ગામના અગ્રણીએ જણાવ્યું કે "સરકારે અમારી સાથે અન્યાય કર્યો છે. ડેમ બનાવવા અમારી જમીનો લીધી પણ મામૂલી વળતર આપી અમારું જીવન દોઝખ ભર્યું બનાવી દીધું છે. વળતરમાં બીજી જમીન ક્યાંય આપી નથી. સરકારમાં વર્ષોથી લડત ચલાવી રહ્યા છીએ. કોર્ટમાં કેસ પેંડિંગ છે. ગામના અન્ય એક વડીલે જણાવ્યું કે " ૧૯૭૧માં ઉમેદપુરા ગામ સંપુર્ણ ડૂબમાં ગયું હતું. હાલ પણ માત્ર ૪થી ૨૦ મીટર જેટલું પાણીનું અંતર રહે છે. ત્રણેય બાજુ પાણી ભરાવાથી અને એક બાજુ ડુંગર હોવાથી ગામ લોકોની આવવા જવાની તથા બીમાર લોકોની સારવાર અર્થે ગામથી બહાર લઈ જવાની પરિસ્થિતી બહુ વિકટ અને દયનીય બની જાય છે. ગામલોકોએ પુનઃવસવાટ માટે અવાર નવાર રજુઆત કરી છે. પણ કોઈ ઉકેલ આવ્યો નથી. તસવીરમાં ધરોઈ ડેમમાં ભરેલું પાણી અને બાજુમાં પહાડમાંથી બનાવેલો રસ્તો અવકાશી નજારામાં દર્શ્યમાન થાય છે.

## ધાનેરાના લાંચિયા એએસઆઈ-વચેટીયાને એક દિવસના રિમાન્ડ

પાલનપુર તા. ૧૮

ધાનેરા પોલીસ મથકે નોંધાયેલા પશુકૃરતા નિવારણના કેસમાં રૂપિયા ૭૫ હજારની લાંચ લેતા એ. એસ. આઈ અને વચેટિયાને બનાસકાંઠા એસીબીની ટીમે મંગળવારે કોર્ટમાં રજુ કરી એક દિવસના રિમાન્ડ મેળવ્યા હતા.

ધાનેરા પોલીસ મથકમાં પશુકૃરતા નિવારણ કલમ હેઠળ એક શખ્સ સામે ગૂનો નોંધાયો હતો. આ કેસની તપાસ કરતાં એ. એસ.આઈ રવિકુમાર રમેશભાઈ સોલંકીએ તેની અટક કરી તરત જ જામીન પર મુક્ત કરવા, મારઝૂડ નહિ કરવા તેમજ મુદ્દામાલ છોડવા પોઝિટિવ અભિપ્રાય આપવા સારું રૂપિયા ૭૫,૦૦૦ની લાંચની માંગણી કરી હતી. અને આ રકમ સ્વીકારતી વખતે વચેટીયા ધાનેરાના ગનીભાઈ ભીખાજી મુસલાને બનાસકાંઠા એસીબીની ટીમે ધાનેરાના ગોલા ગામેથી ઝડપી લીધો હતો. આ અંગે એસીબી પીઆઈ નિલેષ ચૌધરીએ જણાવ્યું કે,મંગળવારે બંનેને પાલનપુર કોર્ટમાં રજુ કરી બે દિવસના રિમાન્ડની માંગણી કરી હતી. જ્યાં ન્યાયાધીશે એક દિવસના રિમાન્ડ મંજુર કર્યા હતા.

## ડીસામાં વિશ્વાસથી વિકાસ યાત્રા કાર્યક્રમ યોજાયો

ડીસા, તા. ૧૮

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના આડે હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે રાજકીય પક્ષોએ પોતાના પ્રચાર શરૂ કરી દીધા છે ત્યારે હવે રાજ્ય સરકાર પણ પોતે કરેલા વિકાસના કામો પ્રજા સમક્ષ રજૂ કરી ફરીથી પ્રજાનો વિશ્વાસ કેળવવા વિશ્વાસ થી વિકાસયાત્રા કાર્યક્રમ યોજાઈ રહ્યા છે જેમાં દરેક તાલુકા કક્ષાએ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. જેમાં આજે ડીસા અને કાંકરેજ તાલુકાના કાર્યક્રમ ડીસાના ધારાસભ્ય શશીકાંત પંડ્યાની અધ્યક્ષતામાં યોજાયો હતો .આ પ્રસંગે ડીસા પ્રાંત અધિકારી યુ.એસ. શુક્લ, ડીસા પાલિકા પ્રમુખ રાજુભાઈ ઠક્કર થરા પાલિકા પ્રમુખ પૃથ્વીરાજ વાઘેલા ડીસા તાલુકા પંચાયત પ્રમુખ જીજાબેન બોકરવાડિયા ડીસા શહેર ભાજપ પ્રમુખ પ્રતિકભાઈ પઢીયાર ,જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ કૈલાસભાઈ ગેલોત ડીસા ગ્રામ્ય અને શહેર મામલતદાર, કાંકરેજ મામલતદાર સહિત વિવિધ ગામો ના સરપંચ તલાટી સહિત સરકારી અધિકારીઓ કાર્યકરો ઉપસ્થિત રહયા હતા આ સમગ્ર કાર્યક્રમ ને સફળ બનાવવા માટે વહીવટી તંત્ર એ ભારે જહેમત ઉઠાવી હતી.

## અવસાન નોંધ..



બાયડ : અરવલ્લી જિલ્લાના મોડાસાના હસમુખલાલ ભાટીયા, કમલેશકુમાર ભાટીયા, મનિષકુમાર ભાટીયાનાં માતૃશ્રી જશોદાબેન પરસોત્તમદાસ ભાટીયાનું અવસાન થયેલ છે. સ્વર્ગસ્થનું સૂતક અને બેસણું તા.૨૨ સપ્ટેમ્બર, ગુરૂવારે સવારે ૧૦-૦૦ થી ૩-૦૦ વલ્લભસદન હોલ, ડીપ વિસ્તાર, મોડાસા ખાતે રાખેલ છે.